દાખલ તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૦૭/૧૦/૨૦૨૨
ફેંસલ તારીખ : ૩૦/૧૨/૨૦૨૨
સમયગાળો : દિવસ માસ વર્ષ

## મહુવાનાં મહે.એડી સીવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.મહુવા.

રે.દિ.મુ.નં. : ૨૩૪/૨૦૨૨
આંક :

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,
તે ઈલેકટ્રીકસીટી સપ્લાય માટે રચાયેલ કંપની
વડી કચેરી, રાજકોટ, થ્રુ તેના નાયબ ઈજનેર
ટાઉન પેટા વિભાગની ઓફીસ, મહુવા,
જિ.ભાવનગર. .....વાદી

વિરૂધ્ધ

પ્રવિણભાઈ માધુભાઈ ગજેરા,
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર,
રહે. ૬૮/બી, પારસ સોસાયટી, વી.ટી.નગર પાસે,
મહુવા, જી.ભાવનગર. .....પ્રતિવાદી

બાબત : દાવો રૂા.૭,૬૨૬–૪૯ પૈસા વસુલ મેળવવા અંગે

વાદી તરફે : વિ.વ.શ્રી.કે.વી.વૈદ્ય.
પ્રતિવાદી તરફે : એક તરફી

### –: ચુ કા દો :–

(૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની વીજ વિતરણની કામગીરી કરે છે નિયમાનુસાર રચવામાં આવેલ કંપની છે અને પ્રતિવાદી તેમના કાયદેસરના ગ્રાહક છે અને તેઓનો ગ્રાહક નં.૩૭૧૦૪/૧૦૮૦૭/૬છે. જેથી નિયમાનુસાર વાદી કંપનીને વીજવપરાશની રકમ ચુકવવા જવાબદાર બને છે. પ્રતિવાદીની વીજ વપરાશની બીલની રકમ (ડી.પી.સી.ચાર્જ તથા નોટીસ ખર્ચ સહિત) કુલ રૂા.૭,૬૨૬–૪૯ પૈસા ભરપાઈ ન કરતા વાદીએ પોતાની ઉપરોકત લેણી રકમ વસુલ મેળવવા પ્રતિવાદીને નોટીસ આપેલી આમ છતાં પ્રતીવાદીએ વાદીની લેણી રકમ ચુકવી ન આપતા વાદીએ હાલનો દાવો કરેલ છે.

(૨) વાદીએ દાવો દાખલ કરતા પ્રતિવાદીને સમન્સ કરતા ધોરણસર સમન્સ બજી જવા છતા તેઓ હાજર રહેલ નથી કે દાવાનો જવાબ રજુ કરેલ નથી જેથી પ્રતિવાદી વિરુધ્ધ એકતરફી કાર્યવાહી ચલાવવા હુકમ કરેલ છે.

(૩) દાવાના નિર્ણય માટે આંક–૦૬ થી નીચે મુજબના મુદા ફ્રેમ કરવામાં આવેલ છે.

1. Whether the plaintiff proves that defendant has defaulted in the payment towards his electricity bill amounting to Rs.7,626.49 ?
2. Whether the plaintiff proves that he is entitled to claim interest on the principal amount not paid by the defendant ? if yes, how much?
3. Whether the plaintiff is entitled to the relief claimed ?
4. What order & decree?

(૪) ઉપરોકત મુદાના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) અંશત: હકારમાં.

(૨) અંશત: હકારમાં. ૬ %ના દરે.

(૩) અંશત:હકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૫) વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :

**(અ) વાદી પક્ષનો મૌખિક પુરાવો :–**

(૧) આંક–૦૭: વાદી તરફે મનીષભાઈ પુનાભાઈ ભુતનું સરતપાસનું સોગંદનામું.

**(બ) વાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

(૧) આંક–૦૯ : પ્રફોર્મા નં.૧૨.

(૨) આંક–૧૦ : મીટર ઉતાર્યાની પાવતી.

(૩) આંક–૧૧ : ગણતરી શીટ.

(૪) આંક–૧૨ : વાદી દ્વારા અપાયેલ નોટીસની ઓ.સી.

વાદી તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક–૧૩ ની પુરશીસથી જાહેર કરતા વાદીનો પુરાવો બંધ કરવામાં આવેલ.

(૬) વાદી તરફે વિ.વ.શ્રી કે.વી.વૈદ્ય ની દલીલો સાંભળવામાં આવી.

## –: કારણો :–

મુદા નંબર : ૧

(૭) વાદી તરફે આંક–૦૭ થી એવો પુરાવો આપે છે કે, પ્રતીવાદીએ વાદી કંપનીને અરજી કરતા વાદી કંપનીએ તેઓને વીજ કનેકશન આપેલ. આમ, પ્રતિવાદી તેમના ગ્રાહક છે અને તેઓનો ગ્રાહક નં.૩૭૧૦૪/૧૦૮૦૭/૬ છે અને આ કામના પ્રતિવાદીએ વીજ વપરાશની લેણી રકમ (વિલંબીત ચુકવણી ચાર્જ તથા નોટીસ ખર્ચ સહિત) કુલ રકમ રૂા.૭,૬૨૬–૪૯ પૈસા વસુલ ન આપતા વાદીએ વકીલ મારફત નોટીસ આપેલ.આમ છતાં પ્રતીવાદીએ આવી રકમ ચુકવી આપેલ નથી. જેથી વાદી પ્રતીવાદી પાસેથી ઉપરોકત લેણી રકમ વાર્ષિક ૧૮% દરે વ્યાજ સહીત વસુલ મેળવવા હકદાર બને છે તેમ જણાવે છે. વધુમાં, વાદીએ પોતાના પુરાવાના સમર્થનમાં આંક–૦૯ થી પ્રફોર્મા નં.૧૨, આંક–૧૦ થી મીટર ઉતાર્યા પાવતી, આંક–૧૧ ગણતરી શીટ, આંક–૧૨ થી વાદીએ પ્રતિવાદીને મોકલેલ નોટીસની ઓફીસ કોપી રજુ કરેલ છે.

વધુમાં, આ કામે આંક–૦૯ થી રજુ થયેલ પ્રફોર્મા–૧૨ ધ્યાને લેતા તેમા ડી.પી.સી તરીકેની રકમ રૂા.૫૫૭–૭૫ પૈસા દર્શાવેલ છે અને આવી રકમને કુલ લેણી રકમમાં ઉમેરવામાં આવેલ છે. પરંતુ આ રકમની કેવી રીતે ગણતરી કરવામાં આવેલ છે તે દર્શાવવામા આવેલ નથી. વધુમાં, વાદી જયારે જયારે પ્રતીવાદીએ બીલની રકમ ચુકવી આપેલ નથી ત્યારે ત્યારે દાવો કરી શકયા હોત પરંતુ વાદી જો દાવો કરવામા વિલંબ કરે તો તેવા વિલંબનો ચાર્જ પ્રતીવાદી પર નાંખી શકાય નહી કારણ કે પ્રતીવાદી જો બીલની લેણી રકમ ચુકવી ન આપે તો કાયદાકીય જોગવાઈ મુજબ વાદી તુરત જ દાવો લાવી શકે છે આમ છતા વાદી દાવો લાવવામા વિલંબ કરે અને પ્રતીવાદી પાસેથી લ ેણી રકમ વસુલ કરવામા ઢીલ દાખવે તો તેવી ઢીલ બદલ વિલંબીત ચુકવણી ચાર્જ વસુલ મેળવી શકાય નહી. આમ વાદીની લેણી રકમ કુલ રકમ માંથી ડી.પી.સી. ચાર્જનાં

રૂ.૫૫૭–૭૫ પૈસા તથા નોટીસ ખર્ચ રૂ.૩૫૦/– બાદ કરતાં વાદી પ્રતિવાદી પાસેથી રૂ.૬,૭૧૮–૭૪ પૈસા વસુલ મેળવવા હકકદાર બને છે તેવુ મારુ માનવુ છે.

(૮) વધુમાં વાદીએ ઉપર ચર્ચા કરી તે મુજબ પ્રતીવાદી પાસેથી લેણી નીકળતી રકમમાં ડી.પી.સી.ની રકમ ઉમેરેલ છે તથા પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. ચાર્જ તરીકે રૂ.૫૫૭–૭૫ પૈસા લેણા હોવાનુ જણાવે છે. પરંતુ વિલંબિત ચુકવણીની કેટલી રકમ કયાં દરે તથા તેની ગણતરી કેવી રીતે કરવામા આવી તેમજ કયાં કરારના આધારે આવી રકમ મેળવવા હકકદાર છે તેવું કોઈ રેકર્ડ વાદી રજુ કરી શકેલ નથી. આમ વાદી પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. માંગણી મુજબનો ડી.પી.સી.ચાર્જ વસુલ મેળવવા હકકદાર હોય તેવું સાબીત થતું ન હોય વાદી પ્રતિવાદી પાસેથી માત્ર રૂ.૬,૭૧૮–૭૪ પૈસા વીજ વપરાશના ઈલેકટ્રીક ચાર્જ તરીકે વસુલ મેળવવા હકકદાર હોય મુદા નં.૧ નો જવાબ અંશત:હકારમા આપુ છુ.

<u>મુદા નંબર : ૨ તથા મુદા નં.૩</u> :–

(૯) વાદીએ પોતાની દાવા અરજીમાં ૧૮% ચઢત વ્યાજ સહીત બાકી લેણી રકમની માંગણી કરેલ છે. જે એક રીતે બાકી રકમ પરનું વ્યાજ છે. પરંતુ, વાદી પ્રતિવાદી પાસેથી કોઈ કરાર આધારે આ વ્યાજની રકમ વસુલ મેળવવા હકકદાર હોય તેવું સાબિત કરી શકેલ નથી. વાદી ધ્વારા ૧૮% નાં દરે ચઢત વ્યાજની માંગણી કરવામા આવેલ છે તે ખુબ જ વધારે પડતી છે. તે સંજોગોમાં સિવિલ પ્રો.કોડની કલમ : ૩૪ નો પરંતુક ધ્યાને લેતાં વાદી લેણી રકમ ઉપર કાયદાકીય જોગવાઈ અનુસાર બેંક રેટ મુજબ વ્યાજ મેળવવા હકકદાર છે તેવું મારુ માનવુ છે. આમ વાદીની વ્યાજ અંગેની માંગણી અશંત: ગ્રાહય રાખી ૬ % વ્યાજ ચુકવી આપવાનો હુકમ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. આમ વાદી, પ્રતિવાદી પાસેથી દાવા તારીખથી લેણી રકમ રૂ.૬,૭૧૮–૭૪ પૈસા પર હુકમનામાં તારીખ સુધી વાર્ષિક ૬% લેખે સાદુ વ્યાજ મેળવવા હકદાર બને છે. આમ, વાદી માંગ્યા મુજબની દાદ અંશત: મેળવવા હકકદાર બનતા હોય મુદા નં.૨ તથા નં.૩ નો જવાબ અંશત: હકારમાં આપી મુદા નં.૪ માટે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

## -: હુકમ :-

(૧) વાદીનો હાલનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે આ કામના પ્રતીવાદીએ વાદી કંપનીને લેણી રકમ રૂા.૬,૭૧૮-૭૪ પૈસા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ પ્રતીવાદીએ વાદીને સદરહુ લેણી રકમ પર દાવા તારીખથી હુકમનામાની તારીખ સુધી વાર્ષિક ૬ %(છ ટકા) લેખે સાદુ વ્યાજ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રતીવાદીએ વાદીના દાવાનો ખર્ચ અલગથી ચુકવી આપવો.

(૩) હુકમ અનુસાર હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૧૨/૨૦૨૨
સ્થળ-મહુવા.

(નરેન્દ્ર કુમાર જોષી)
એડીશનલ સિવિલ જજ,મહુવા.
કોડ નં.જીજે ૦૧૪૫૪

એ.એમ.વાળા